## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર મુકામે કાર્યરત તકેદારી એકમ અને નિયામક તકેદારી સેલની કામગીરી

બોર્ડની વડી કચેરી, ગાંધીનગર મુકામે અધિક્ષક ઇજનેરશ્રીના વડપણ હેઠળ તકેદારી એકમ અને નિવારાત્મક તકેદારી સેલ કાર્યરત છે.

E-mail: **vigilancecell@gmail.com**

### તકેદારી એકમઃ

તકેદારી એકમમાં ગુજરાત તકેદારી આયોગમાંથી, સરકારશ્રીમાંથી કે બારોબાર બોર્ડ કચેરીને તાંત્રિક બાબતો અન્વયે મળતી કામની અનિયમિતતા તથા ભ્રષ્ટાચારની રજૂઆતો અન્વયે પ્રાથમિક તપાસની કામગીરી હાથ ધરવામાં આવે છે. અને પ્રાથમિક તપાસમાં કસૂરવાર જણાયેલ અધિકારી/કર્મચારીઓને શિક્ષા માટે ગુજરાત તકેદારી આયોગની ભલામણ મેળવીને પ્રકરણ તપાસ શાખામાં ખાતાકિય તપાસ અર્થે તબદિલ કરવામાં આવે છે.

### નિવારાત્મક તકેદારી સેલઃ

આ સેલ દ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવે છે.

- ચાલુ સિવિલ કામોની મુલાકાત લઇ કામોની / માલસામાનની ગુણવત્તાની ચકાસણી
- ચાલુ યાંત્રિક કામો એટલે કે મશીનરીનું ઇન્સ્પેક્શન
- પંપીંગ મશીનરીની ક્ષમતાનું મૂલ્યાંકન
- જૂથ પાણી પુરવઠા યોજનાઓની ક્ષમતાનું મૂલ્યાંકન
- ચાલુ યોજનાઓની મુલાકાત લઇ નિવારાત્મક તકેદારી નિરિક્ષણ
- મરામત અને નિભાવણી હેઠળની યોજનાઓનું નિવારાત્મક તકેદારી નિરિક્ષણ
- બોર્ડ દ્વારા સોંપવામાં આવતી પ્રાથમિક તપાસની કામગીરી